# પાલનસંબંધી જાણકારીની શ્રેણી
# વોલ્યુમ ૬ – ભંડોળ અલાયદું રાખવા વિશે અને પે–આઉટ

12 માર્ચ, 2009 ભંડોળ અને પે-આઉટનું વિભાગીકરણ

| | |
|---|---|
| **આવશ્યકતાઓનો સાર** | સભ્યોએ પોતાના ભંડોળને ગ્રાહકોના ભંડોળથી અલગ પાડવું જોઈએ અને તેની તકેદારી રહે તે માટે પોતાના ભંડોળ અને ગ્રાહકોના ભંડોળ માટે અલગ અલગ બૅન્ક એકાઉન્ટ રાખવાં. સભ્યોને ગ્રાહકના ભંડોળનો ઉપયોગ પોતાના વ્યવહારો અથવા અન્ય ગ્રાહકોના વ્યવહારો માટે કરવાની છૂટ નથી.<br><br>સભ્યોએ એક્સચેન્જમાંથી પે આઉટ મળ્યાના 48 કલાકની અંદર તમામ ગ્રાહકોને સંપૂર્ણ ભંડોળની ચૂકવણી થઈ જાય તેની અને પોતાના ગ્રાહકોને ત્રિમાસિક ધોરણે ભંડોળનું સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ્સ મોકલવામાં આવે તેની તકેદારી રાખવી જરૂરી છે. |
| **સંદર્ભ** | 1. વેપારનો નિયમ 19(સી) 27(એફ) અને 27 (ક્યુ)<br>2. પરિપત્ર ક્ર. એમસીએક્સ/304/2007 તા. 1 સપ્ટેમ્બર, 2007<br>3. પરિપત્ર ક્ર. એમસીએક્સ/357/2006 તા. 2 સપ્ટેમ્બર, 2006<br>4. પરિપત્ર ક્ર. એમસીએક્સ/012/2006 તા. 10 જાન્યુઆરી, 2006 |

પરિપત્રો, નિયમો, પેટા નિયમો અને વેપારના નિયમો અમારી વેબસાઈટ http://gujarati.mcxindia.com પર ‘સભ્યપદ>કાનૂની માળખું’ની લિંક હેઠળ ઉપલબ્ધ છે.

સભ્યોને અમે સભ્યપદ લિંક હેઠળના વારંવાર પુછાતા પ્રશ્નો (એફએક્યુ)ને પણ વાંચી જવાની વિનંતી કરીએ છીએ.